રાજ્યમાં સ્વામી વિવેકાનંદ યુવક કેન્દ્રોની
સ્થાપના, રચના અને સક્રીય અમલવારી
જિલ્લા વહીવટી તંત્ર મારફત કલેક્ટરશ્રી
દ્વારા કરાવવા બાબત

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: વજઉ/૧૦૨૦૧૬/૨૪૮/ફ
રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ
બ્લોક નં. ૨/૮ મો માળ, સરદાર ભવન,
સચિવાલય ગાંધીનગર
તા. ૧૯/૪/૨૦૧૬

પ્રસ્તાવના:-

" સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી" થી સમાજના વિવિધ વર્ગોને સામેલ કરી સ્વામી વિવેકાનંદના જીવની, સંદેશો અને ફીલોસોફીમાંથી યુવાનો પ્રેરણા લઈ વ્યક્તિ ઘડતર અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બની શકે તેવા શુભ આશયથી સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો સ્થાપી તેના દ્વારા સરકારી યોજના ગ્રામીણ યુવાન સુધી પહોંચી સંગઠનાત્મક વ્યવસ્થાની સફળ અમલવારીથી સ્વામી વિવેકાનંદના વિચારો ગામડે-ગામડે કઈ રીતે સક્રીય કાર્યાન્વીત કરવા તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

ઉપરોક્ત બાબતે પુખ્ત વિચારણાને અંતે ગ્રામ કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને તાલુકા અને જીલ્લા કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રોની રચના કરવામાં આવેલ છે. આ યુવા કેન્દ્રોની સ્થાપના બાદ તેના સંચાલન અને સરકારી યોજનાના અમલ માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે. અને કલેક્ટરશ્રી એ તેમના જીલ્લામાં સક્રીય અમલવારી કરાવવાની રહેશે.

(૧) પ્રત્યેક ગામમાં ગ્રામ્ય કક્ષાનું ફક્ત એક જ સ્વામી વિવેકાનંદ યુવા મંડળની રચના કરેલ છે, જ્યારે નગરપાલીકા, તાલુકા અને જીલ્લાકક્ષાએ પણ એક જ સ્વામી વિવેકાનંદ યુવાશક્તિ કેન્દ્રોની રચના કરેલ છે. જ્યાં બાકી રહી ગયેલ હોય તે તાત્કાલિક એક માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ગ્રામ્ય કક્ષાના કેન્દ્રમાં ૧૨૫ સભ્યો, તાલુકા કક્ષાના કેન્દ્રમાં ૧૫૦ સભ્યો તથા જિલ્લા અને નગરપાલીકા કક્ષાએ ૨૫૦ સભ્યો હોવા જોઈએ. સામાન્ય સભા વર્ષમાં ત્રણ વાર બોલાવી કારોબારી રચના કરવાની રહેશે. જેમાં મહિલા, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, બક્ષીપંચના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

(3) સભ્યોની વયમર્યાદા ૧૫ થી ૩૫ વર્ષની હોવી જોઈએ. આ કેન્દ્રમંડળમાં વિદ્યાર્થી કે બીન વિદ્યાર્થી પણ સભ્ય થઈ શકશે.

(૪) એક વ્યક્તિ એક જ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રનો સભ્ય થઈ શકશે. અન્ય કોઈ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રમાં સભ્ય થઈ શકશે નહિ. દ્વિ મંડળ સભ્યપદ ધરાવી શકશે નહી. એક સભ્ય પદ આપોઆપ રજીસ્ટર થઈ શકશે નહી.

(૫) પ્રતિવર્ષ સભ્યપદ ધરાવનાર પૈકી નિવ્યસની સભ્ય જ પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી બદલવાના રહેશે. આવો હોદ્દો કોઈપણ સભ્ય વધુમાં વધુ એક વર્ષ સુધી જ સંભાળી શકશે.

(૬) સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રની નોંધણી કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજ્ય પાસે કરાવવી ફરજીયાત રહેશે. ગ્રામ્ય, તાલુકા, શહેર અને જિલ્લા કક્ષાએ સ્થપાયેલાં આવા મંડળો / યુવા શક્તિ કેન્દ્રો કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના નિયંત્રણ હેઠળ રહેશે.

(૭) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/સ્વામી વિવેકાનંદ યુવાશક્તિ કેન્દ્ર કોઈપણ જાતના ન્યાત, જાત, ધર્મ, ભાષા કે પ્રાંતના ભેદભાવ વગર સમાનતાથી કાર્ય કરવાનું રહેશે.

(૮) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ / સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રની વાર્ષિક સભ્ય ફી રૂ.૫૦/- (અંકે રૂપીયા પચાસ) લઈ શકાશે.

(૯) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ / સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રનું હિસાબી વર્ષ તા.૧/૪ થી ૩૧/૩ સુધીનું રહેશે. દર વર્ષે ચાર્ટેડ એકાઉન્ટર પાસે ઓડીટ કરાવેલ હિસાબો કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાસે સમયમર્યાદામાં મંજુર કરાવવાના રહેશે. તો જ તે કેન્દ્રની માન્યતા ચાલુ રહેશે. અન્યથા તે આપોઆપ રદ ગણાશે.

(૧૦) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્ર પોતાની આર્થિક સધ્ધરતા માટે ગ્રામ્યજનો તથા અન્ય સંસ્થાઓ પાસેથી બિનશરતી ભેટ, સોગાદ, દાન મેળવી શકશે. અને તેનો હિસાબ અલગ રાખવાનો રહેશે. અને તેનું ચાર્ટર એકાઉન્ટ પાસે ઓડીટ અચુક કરવાનું રહેશે.

(૧૧) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ / સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રમાં એક વર્ષે પુરૂષએકી સંખ્યા અને બીજા બેકી સંખ્યા વર્ષે મહિલાએ પ્રમુખ તરીકેનો હોદો ક્રમાનુંસાર સંભાળવાનો રહેશે.

(૧૨) ભારત સરકાર, રાજય સરકાર, રાજય સરકારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ,રાજય સરકારની અર્ધ સરકારી કચેરીઓના સહયોગથી ગ્રામ્ય/તાલુકા /શહેર/જિલ્લાની જરૂરીયાતને અનુલક્ષીને આ સંસ્થાઓને મદદરૂપ થાય તેવી કામગીરી સ્વામી વિવેકાનંદ યુવક મંડળ / સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રએ કરવાની રહેશે.

(૧૩) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રના ઉદેશો,હેતુઓ, સભ્યોની યાદી, કારોબારીની નામાવલી,કામગીરીનો અહેવાલ ,ખર્ચના આવક – જાવકના

૪

હિસાબો કેન્દ્રના પ્રમુખે કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, બ્લોક નં.૧૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને દર વર્ષે સમય મર્યાદમાં આર.પી.એ.ડી. થી અચૂક મોકલી આપવાના રહેશે.

(૧૪) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ / સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્ર દ્વારા હાથ ધરવાની થતી કામગીરી જિલ્લાના રમત ગમત અધિકારીના પરામર્શ/ માર્ગદશર્નમાં કરવાની રહેશે.

(૧૫) રાજય સરકાર તરફથી ગ્રામ્ય કક્ષાના સ્વામી વિવેકાનંદ યુવક મંડળને રૂ.૫,૦૦૦/- તાલુકા /વોર્ડ કક્ષાના કેન્દ્રને રૂ.૨૫,૦૦૦/- નગરપાલીકા કક્ષાએ રૂ.૩૫,૦૦૦/- તથા જિલ્લા/મહાનગર પાલીકા કેન્દ્રને રૂ.૪૫,૦૦૦/- વાર્ષિક ભંડોળ તરીકે ફાળવવામાં આવશે,તેનો વપરાશ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રના સંચાલન તથા પ્રવૃત્તિઓના અમલીકરણના આયોજન મો કરવાનો રહેશે.

(૧૬) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ /સ્વામી વિવેકાનંદ યુવા શકિત યવા શકિત કેન્દ્રની નોંધણી કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર પાસે તેમજ કમિશનરશ્રી ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વિવેકાનંદ કેન્દ્રની વેબ સાઇટ ઉપર પણ રજીસ્ટ્રેશન કરાવી શકશે. અને કમિશનરશ્રીએ મંડળના રજીસ્ટ્રેશન અંગેના નિયત નમુનો /ફોર્મ તથા તે અંગેના નીતિ નિયમોનું ઘડતર કરવાનુ રહેશે. અમલી કરણ કરાવવાનું કાર્ય રહેશે. ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ તેની પ્રિન્ટ લઇ નિયત નમુનામા જિલ્લા રમત ગમત અધિકારી ને આધાર-પુરાવા સાસથે સમય મર્યાદમાં અરજી કરવાની રહેશે.

(૧૭) ગ્રમ્ય કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવક મંડળમાં કયા સભ્યો રાખવા એ બાબતે પ્રાંત અધિકારીશ્રીએ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીના લેખીત પરમાર્શ અને મંજૂરીથી સભ્યો નિયત

કરવાના રહેશે. જયારે તાલુક અને જિલ્લા કક્ષાના સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રના સભ્યો પ્રભારી મંત્રીશ્રીના લેખિત પરમાર્શ અને મંજૂરીથી કલેક્ટરશ્રીએ નકકી કરવાના રહેશે.

(૧૮) ગ્રામ્ય કક્ષાના સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને તાલુકા અને જિલ્લાકક્ષાના સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રના સભ્યોએ નિયત કરવાની કામગીરી તા.૧/૫/૨૦૧૬ સુધીમાં પુરી કરવાની રહેશે.

(૧૯) ગ્રામ્ય કક્ષાના યુવક મંડળ દ્વારા કરવામાં આવતી કામગીરીનું મોનીટરીંગ અને અમલી કરણની કામગીરી મામલતદાર શ્રી એ પ્રાંત અધિકારીશ્રીના માર્ગદર્શન અને સલાહ – સૂચન મુજબ કરવાનું રહેશે. જયારે તાલુકા અને જિલ્લા કક્ષાના સ્વામી વિવેકાનંદ કેન્દ્રોની કામગીરીનુ મોનીટરીંગ અને અમલીકરણ પ્રાંત અધિકારીશ્રીએ કલેકટરશ્રીના માર્ગદર્શન અને સલાહ સૂચન મુજબ કરવાનું રહેશે.

[૨] સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો દ્વારા ગ્રામ્ય તાલુકા ,નગરપાલીકા,જિલ્લા મથક અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં નીચે મુજબની પ્રવૃત્તિ હાથ ધરવાની વિચારણા કરીએ.

(૧) તંદુરસ્ત નિર્વ્યસની સમાજ અને પોષક આનંદ પ્રમોદ,રમત ગમત, શોખ અને કળાની ખિલવણીની પ્રવૃત્તિઓ સાથેનો જવાબદાર નાગરિક.

(૨) ગ્રામ્ય, તાલુકા, નગરપાલીકા, જિલ્લા મથક અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખી રચનાત્મક પ્રવૃત્તિઓનું સહકારી ધોરણે આયોજન.

(૩) ગ્રામ્ય, તાલુકા, નગરપાલીકા, જિલ્લા મથક અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના સ્થાનિક પ્રશ્નોનું સર્વગ્રાહી અવલોકન કરીનેતેના સર્વ સંમત્તિથી કાર્યક્ષમ નિકાલ માટેની કામગીરી તથા યોગ્ય કક્ષાની જગ્યાઓ યોગ્ય રજૂઆત કરવાની રહેશે.

(૪) રકતદાન શિબિર, નેત્રદાનયજ્ઞ, અંગદાન, વ્યસનમુકિત વિગેરે સામાજીક પ્રવૃત્તિઓનું આયોજન

(૫) ગ્રામ્ય, તાલુકા, નગરપાલીકા, જીલ્લામથક અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના યુવાનોને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ અભિમુખ કરી તંદુરસ્ત રાજ્ય અને રાષ્ટ્રના નિર્માણમાં જવાબદાર નાગરીક યુવા શક્તિનો ઉપયોગ.

(૬) યુવક-યુવતીઓમાં પરસ્પર આત્મવિશ્વાસ, બંધુત્વની ભાવના, દેશપ્રેમ ભાવનાત્મક એકતા અને પર્યાવરણ પ્રેમ કેળવાય તેવી પ્રવૃત્તિઓ.

(૭) રાષ્ટ્રીય, ધાર્મિક, સામાજિક, આર્થિક, ભૌતિક ઉત્સવો ધર્મના ભેદભાવ વગર ઉજવવા.

(૮) મહાપુરૂષોના જન્મ દિવસને, નિર્વાણદિનની સામૂહિક, સહકારભરી સમુચિત ઉજવણી.

(૯) સાહસિક પ્રવૃત્તિઓનું તબક્કાવાર આયોજન.

(૧૦) રાષ્ટ્ર અને સમાજહીતના વ્યવસાયલક્ષી, રોજગારલક્ષી, વ્યાપાર, ધંધો વિગેરે ક્ષેત્રેમાં જરૂરી માર્ગદર્શન માટે વ્યવસ્થા.

(૧૧) પગપાળા પ્રવાસ, સાયકલ પ્રવાસ તથા અન્ય જળ-સ્થળ-વાયુના સાહસિક પ્રવૃત્તિઓનું સહકારી સેવાથી આયોજન.

(૧૨) ગ્રામ્ય, તાલુકા, નગરપાલીકા, જીલ્લામથક અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની ઉપલબ્ધ નાગરિક સવલતોની મોજણી, સંકલન, સેવા, સુધારામાં સ્વાશ્રયી મદદ

(૧૩) પ્રૌઢ શિક્ષણ, વનીકરણ, કુટુંબ નિયોજન, જળ સંચય, ડીઝાસ્ટર જેવા રાજ્યના અગત્યના કાર્યક્રમોનું આયોજન.

(૧૪) સ્થાનિક કક્ષાએ ઓલમ્પિક માન્ય રમતો, શીબીર, સ્પર્ધા નું આયોજન

(૧૫) આકસ્મિક સંજોગોનો સામનો કરવા સ્વયંસેવકનું સેવાભાવી-ચુસ્ત દળ ઉભું કરવું.

(૧૬) સરકારશ્રીની યોજનાઓનો ૧૦૦% અસરકારક સર્વગ્રાહી અમલીકરણ થાય તે માટે જરૂરી તમામ સહયોગ પુરો પાડવાનો રહેશે.

(૧૭) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા તેની તાબાની કચેરીઓ તરફથી જે પ્રવત્તિઓ સોંપવામાં આવે તેની કામગીરી કરવી.

(૧૮) આ યોજના સરકારશ્રીની મા અમૃતમ યોજના, અન્નપૂર્ણા યોજના વગેરેનો અસરકારક અમલની કામગીરી કરવી.

સ્વામી વિવેકાનંદ યુવક મંડળ/ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રોની સ્થાપના માટે નીચે મુજબનાં નાણાંકીય ભંડોળ કલેક્ટરશ્રી અને મ્યુનિસિપલ કોર્પોરેશનને ગ્રાન્ટ સ્વરૂપે ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | ગ્રામ્યકક્ષા :- ૧૮૫૦૦ ગામ × રૂ. ૧,૦૦૦/- = ૧,૮૫,૦૦,૦૦૦/- | રૂ. ૧,૮૫,૦૦,૦૦૦/- |
| (૨) | તાલુકા કક્ષા :- ૨૪૮ તાલુકા × રૂ. ૫,૦૦૦/- = ૧૨,૪૦,૦૦૦/- | રૂ. ૧૨,૪૦,૦૦૦/- |
| (૩) | જિલ્લા કક્ષા :- ૩૩ જિલ્લા × રૂ. ૧૦,૦૦૦/- = ૩,૩૦,૦૦૦/- | રૂ. ૩,૩૦,૦૦૦/- |
| (૪) | નગરપાલીકા કક્ષા :- ૧૫૯ નગરપાલિકા × રૂ. ૧૫,૦૦૦ = ૨૩,૮૫,૦૦૦ | રૂ. ૨૩,૮૫,૦૦૦/- |
| (૫) | મહાનગર પાલીકા કક્ષા :- ૮ × રૂ. ૨૫,૦૦૦/- = ૨,૦૦,૦૦૦ | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| | કુલ :- | રૂ. ૨,૨૬,૫૫,૦૦૦/- |
| | અન્ય ખર્ચ :- | રૂ. ૪,૦૯,૦૦૦/- |
| | કુલ:- | રૂ. ૨,૩૦,૬૪,૦૦૦/- |

આ અંગેનો ખર્ચ કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવેલ બજેટ જોગવાઈ માંગણી-૯૮, મુખ્ય સદર-૨૨૦૪ ખેલકુદ અને યુવક સેવા, પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ સદર-૧૦૩ વિદ્યાર્થીઓ સિવાયના યુવકો માટે કલ્યાણ કાર્યક્રમ, પેટા સદર-૦૨ EDN-૫૨, યુવક કલ્યાણની સંકલિત યોજના સબ હેડ ૫૦૦૦ અન્ય ખર્ચ આયોજન

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૪/૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુનિલ.વી.પટેલ

(સુનિલ વી. પટેલ)

સેક્શન અધિકારી

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે રાજય કક્ષાના માનની[ય મંત્રીશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર,
- મુખ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય સચિવાલય,ગાંધીનગર,
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/ સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ / સચિવાલય, ગાંધીનગર
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, ગુજરાત રાજય.
- કમિશનરશ્રી ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરની કચેરી,ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મારફત
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મારફત
- સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મારફત
- સર્વે જિલ્લા રમત ગમત અધિકારીશ્રીઓ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મારફત
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ
- બજેટ શાખા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
- સિલેકટ ફાઇલ,
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,